## 1. મગધ સામ્રાજ્યનાં ઉદયનાં કારણો જણાવો.

➢ ઈ. સ. પૂર્વેની સાતમી સદીમાં ઉત્તર ભારતનાં 16 મહાજનપદો વચ્ચે સર્વોપરિતા માટેની હરીફાઈ ચાલતી હતી. તેમાંથી નીચેનાં ચાર રાજ્યતંત્રો મહાત્મા બુદ્ધના સમયમાં શક્તિશાળી અને મુખ્ય રાજ્યતંત્રો હતાં :

1. કોશલ (રાજા : પ્રસેનજિત), 2, વત્સ (રાજા : ઉદયન), 3. અવંતિ (રાજા : ચંડપ્રદ્યોત) અને 4. મગધ (રાજા : બિંબિસાર). આ ચાર રાજ્યોની સત્તાવિસ્તારની સ્પર્ધામાં મગધનો એક નાના રાજ્યમાંથી સર્વોપરી અને સત્તાધીશ મહારાજ્યમાં થયેલો વિકાસ એ બૌદ્ધકાલીન ભારતના ઈતિહાસની નોંધપાત્ર ઘટના છે.

1. કોશલ : કોશલ રાજ્યમાં હિમાલયથી ગંગા-યમુના સુધીમાં પ્રદેશનો સમાવેશ થતો હતો. કોશલના રાજા પ્રસેનજિતની બહેન કોશલદેવીના લગ્ન મગધના રાજા બિંબિસાર સાથે થયાં હતાં. બિંબિસારનાં વર્ષ કરી મગધની ગાદીએ આવેલા અજાતશત્રુએ કાશી મેળવવા પ્રસેનજિત સાથે યુદ્ધ કર્યું. તેમાં પ્રસેનજિતની હાર થઈ, ત્યારબાદ પ્રસેનજિતનો પ્રપાનની મદદથી વિદુદખે તેની સામે બળવો કરી કોશલ રાજ્યની ગાદી પચાવી પાડી, વસવંશના રાજાઓ સાથે લગનસંબંધો બાંધીને મગધની રાજા દશ કે તેનો વિરોધ શાંત કર્યો.

2. વન્સ : વન્સનું રાજ્ય હાલના અલાહાબાદના પ્રદેશમાં આવેલું હતું.

3. અવંતિ : અવંતિનું રાજ્ય હાલનાં માળવાના પ્રદેશમાં આવેલું હતું.

મગધનો ઉદય : ઈ. સ. પુર્વેની સાતમી સદીના ચાર મુખ્ય રાજ્યોમાંથી બે રાજ્યો (અવંતિ અને વત્સ) સર્વોપરિતાની હરીફાઈમાંથી નીકળી ગયાં હતાં. ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં સર્વોપરિતાની હરીફાઈમાં બે રાજ્યો (મગધ અને કૌશલ) રહ્યાં હતા. તેમાં કોશલના રાજા પ્રસેનજિતની મગધના રાજા અજાતશત્રુ સામે હાર થતાં મગધની સત્તા સર્વોપરી બની હતી. આ સમયે ભારતમાં સામ્રાજ્ય સ્થાપવાની જેટલી અનૂકુળતા મગધમાં હતી તેટલી અનુકૂળતા અન્ય કોઈ રાજ્યમાં ન હતી. ગંગા, શોણ, ગંડકી, ગોગ્રા વગેરે નદીઓના પ્રદેશોનો ઉપયોગ બચાવના કુદરતી સ્થળ તરીકે થયો. યુદ્ધના સમયમાં જળવ્યવહાર તરીકે ઉપયોગ થયો. મગધને દક્ષિણે આવેલો લોખંડના ખનીજનો વિસ્તાર વેપાર માટે ખૂબ અનુકૂળ હતો. મગધ અને પૂર્વના દેશો વૈદિક સંસ્કૃતિથી અલિપ્ત રહ્યા હતા. આથી અહીં અબ્રાહ્મણો અને પ્રત્યોનું વર્ચસ્વ વધ્યું હતું. એક બાજુ અબ્રાહ્મણો અને વ્રત્યો વૈદિક સંસ્કૃતિના રાજકીય પાસાને સ્પધા આપી રહ્યા હતા તો બીજી બાજુ બૌદ્ધ અને જૈન ધર્મીઓ તેમના ધાર્મિક માળખાને વિખેરી રહ્યા હતા. આમ, મંગધમાં નવા યુગની શરૂઆત થઈ.

## 2. મગધ સામ્રાજ્યના વિસ્તારમાં કયા કયા રાજવંશોએ શું ફાળો આપ્યો, તે ટૂંકમાં વર્ણવો.

➢ મગધની મહાનતાનો યશ કયા રાજવંશને આભારી છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે; કારણ કે તેના વિશેની માહિતી જે પુરાણો, બૌદ્ધ અને જૈન ગ્રંથોમાંથી મળી આવે છે તેમાં તીવ્ર મતભેદ જોવા મળે છે. પુરાણ સાહિત્ય પ્રમાણે તેની મહત્તા 'શિશુનાગ વંશને આભારી છે. જ્યારે બોદ્ધ ગ્રંથો પ્રમાણે મગધની મહત્તા હર્યકવંશને આભારી છે, જેની સ્થાપના બિંબિસારે કરી હતી. આ બોદ્ધ ગ્રંથો મગધના રાજાઓને 'હયર્ક વંશ' અને 'શિશુનાગ' વંશ ઍમ બે ભાગમાં વહેચે છે. ડો. રાધા કુમુદ મુકરજી અને બીજા વિધ્વાનોબૌદ્ધ માહિતીને વધુ પ્રમાણભૂત માને છે. આમ, ઈ. સ. પૂર્વે છઠી સદી દરમિયાન મગધના ઉત્કર્ષમાં બિંબિસાર અને અજાતશત્રુ એમ બે રાજાઓનો ફાળો સવિશેષ છે.

હર્યકવંશ : 1. બિબિસાર : મગધનો પ્રખ્યાત રાજા અને હર્યકવંશનો સ્થાપક બિબિસાર (ઈ. સ. પૂર્વે 603 થી ઈ. સ. પૂર્વે 551) ગૌતમ બુદ્ધનો સમકાલીન હતો. ફક્ત 15 વર્ષની વયે તે ગાદીએ આવ્યો હતો. તેણે રાજદ્વારી

લગ્નસંબંધો દ્વારા તેમજ વિજયો મેળવીને મગધના રાજયનો વિસ્તાર કર્યો હતો. તેણે કોશલના રાજા પ્રસેનજિતની બહેન કોશલદેવી સાથે લગ્ન કર્યા હતા. તેણે વૈશાલી ગણરાજયના લિચ્છવીઓના પ્રમુખ ચેતકની પુત્રી ચેલ્લના અને વિદેહની રાજકુમારી વાસવી સાથે તથા પંજાબ(મદ્ર)ના શાસકની રાજકુમારી ક્ષેમા સાથે પણ લગ્ન કર્યા હતાં. બિબિસારે અંગના રાજા બ્રહ્મદત્તને હરાવી અંગરાજયને મગધના સામ્રાજયમાં ભેળવી દીધું માં અને ત્યાં પોતાના પુત્ર અજાતશત્રુને સૂબેદાર તરીકે નીમ્યો હતો. આમ, તેણે મગધને ઉત્તર ભારતમાં એકમાત્ર મહારાજય તરીકે વિસ્તારવાનો સફળ પ્રયત્ન ક્યોં હતો. તેણે સામ્રાજયના વહીવટ માટે યોગ્ય પ્રબંધ કર્યો હતો. તે પોતે પણ રાજયવહીવટમાં ખૂબ ધ્યાન આપતો હતો. આથી તેના અમાત્યો અને મહાપાત્રોને પણ પોતાને સોંપેલી ફરજો કાળજીપૂર્વક અને સમયસર બજાવવી પડતી હતી. તેના સામ્રાજયમાં 80 હજાર ગામડાં હતાં. તેના સામ્રાજયનો વહીવટ ‘મહાપાત્રો, ‘સભાયથકો’ અને ‘ગ્રામીણો’ કરતા. બિંબિસાર બોદ્ધધર્મી હતો. તેણે બૌદ્ધ સંઘને ‘કદંબ-વેણ’ નામનું વન ભેટમાં આપ્યું જતું અને બોદ્ધ સાધુઓને ‘જળયાત્રા કર’માંથી મુક્તિ આપી હતી. તેણે પોતાની રાજધાની ગિરિવ્રજમાં ગૌતમ બુદ્ધનું ભવ્ય સ્વાગત ક્યું હતું. તે બૌદ્ધધર્મી હોવા છતાં હિંદુ અને જૈન ધર્મ પ્રત્યે આદર રાખતો હતો. તેની રાજધાની રાજગૃહ (જુનું નામ ગિરિવ્રજ)ને સુશોભિત કરવા સ્થપતિ મહાગોવિદને પ્રોત્સાહન આપ્યું હતું. તેના રાજયમાં રાજવૈધ જીવનની પ્રતિષ્ઠા અને માન ખૂબ જ હતાં. બિંબિસારને જૈન ગ્રંથોમાં ‘શ્રેણિક’ અને ‘સેનિય’ તરીકે ઓળખવામાં આવ્યો છે. 52 વર્ષના શાસન પછી તેનો અંત આવ્યો.

2. અજાતશત્રુ : બિબિસાર પછી તેનો પુત્ર અજાતશત્રુ ગાદીએ આવ્યો. અજીતશત્રુના વિજયોને લીધે મગધના રાજયનો નોંધપાત્ર વિકાસ થયો. સામ્રાજયવાદી અજાતશત્રુઓ વૈશાલી ગણરાજય પર આક્રમણ કર્યું. જો કે આક્રમણ કરતાં અગાઉ તેણે મંત્રી વાસ્યકારને મોકલી લિચ્છવીઓમાં ફાટફૂટ પડાવી શાલીને જીતી લીધું. આમ અંગ, કાશી, વૈશાલી વગેરે રાજયો અને તેની આજુબાજુના પ્રદેશો પર વિજય મેળવી મગધને ઉત્તર ભારતનું સૌથી મોટું અને શક્તિશાળી રાજય બનાવ્યું. પાડોશી રાજયો ભવિષ્યમાં હુમલો ન કરે તે માટે અજાતશત્રુએ ગંગા અને સોન નદીના સંગમ પર આવેલા પાટલીગ્રામને કિલ્લેબંધી કરાવી, જે પાછળથી મગધની રાજધાની પાટલીપુત્ર બન્યું. બુદ્ધના નિર્વાણ વખતે તેણે કુશિનગરમાં જઈને તેમના અવશેષોની માગણી કરી હતી. બુદ્ધના નિર્વાણ પછી અજાતશત્રના નાશ્રય નીચે રાજધાની રાજગુહમાં પ્રથમ ધર્મપરિષદ મળી હતી. 32 વર્ષના શાસન પછી અજાતશત્રુ મૃત્યુ પામ્યો. તેના અનુગામી રાજાઓ ઉદયન, અનિરુદ્ધ, મુંડ અને નાગદશક હતા. રાજા નાગદશકના જુલ્મથી કંટાળી ગયેલી પ્રજાએ તેને ગાદી પરથી ઉઠાડી મુકી તેના મંત્રી શિશુનાગ’ને રાજા બનાવ્યો. આમ, ‘શિશુનાગવંશ’ની સ્થાપના થઈ. શિશુનાગવંશ : શિશ નાગવંશના સ્થાપક રાજા શિશુનાગે હર્યકવંશના રાજાઓની સામ્રાજયવિસ્તારની નીતિ ચાલુ રાખી અવંતિના રાજા ચંડપ્રદ્યોતના અવસાન પછી નિર્બળ વારસદાર આવતાં શિશુનાગ આક્રમણ કરી અવંતિને જીતી લીધું અને તેને મગધમાં ભેળવી દીધું. શિશુનાગે 18 વર્ષ શાસન કર્યું. તેના ઉત્તરાધિકારી તરીકે કાલાસોક (કાક્વર્ણિન) ગાદીએ આવ્યો. તેણે 28 વર્ષ શાસન ક્યું. કાલાસોકના 10 પુત્રોએ કુલ 22 વર્ષ શાસન કર્યું. । શિશુનાગવંશના છેલ્લા રાજાનું ખૂન કરી મહાપદ્મનંદ (નંદવંશનો સ્થાપક) મગધની ગાદીએ આવ્યો.

### 3. ભારત પરના ઈરાની આક્રમણની ભારત પર થયેલ અસર જણાવો.

- ભારત પરના ઈરાની આક્રમણની ભારત પર નીચે પ્રમાણે અસર થઈ. ઇરાની આક્રમણની રાજકીય દષ્ટિએ બહુ લાંબી અસર થઈ નહિ પરંતુ વેપાર અને સંસ્કૃતિની દષ્ટિએ મહત્ત્વની અસર થઈ. સ્કાયલેક્સ નામના નાવિકે

દરાયસ પહેલાના સમયમાં સિંધુ અને તેની શાખાઓનો માર્ગ શોધ્યો હતો. તેના પરિણામે ઈરાન અને ભારત વચ્ચે વેપારી સંબંધો બંધાયા. ઈરાનના આર્યો અને ભારતના આયના સંપર્કની પુનઃ શરૂઆત ઈરાની આક્રમણોથી થઈ. ભારતના કેટલાક ભાગોમાંથી ઈરાનના સોનાના સિક્કા 'દરિક' અને ચાંદીના સિક્કા સિગલોઈ મળ્યા છે, જે ઈરાન અને ભારત વચ્ચેના વેપારી સંબંધના પુરાવા છે. ભારતના વાયવ્ય પ્રાંતમાં વપરાતી 'ખરોષ્ઠી' લિપિ ઈરાનીઓની આરામ લિપિને મળતી આવે છે. કેટલાક વિદ્વાનોના મતે મોર્યકાલીન શિલ્પ અને સ્થાપત્ય તથા ખડક અને સ્તંભો પર આજ્ઞાપત્ર કોતરાવવાની અશોકની પ્રણાલિકા પર ઈરાનીઓની અસર છે.

4. 'સિકંદરને ભારત પર આક્રમણ કરવામાં સફળતા મળી. કારણ જણાવો.

➢ મેસેડોનિયાના રાજા ફિલીપનો પુત્ર સિકંદર 20 વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો. તે વિશ્વવિજેતા બનવાની ઇચ્છા ધરાવતો હતો. તેણે ભારત પર કરેલાં આક્રમણો 'મેસેડોનિયાના આક્રમણ' તરીકે ઓળખાય છે. અરબેલાના યુદ્ધમાં ઈરાનના દરાયસ ત્રીજાને પરાજય આપી સિકંદરે ભારત પરના આક્રમણની તૈયારી કરી. સિકંદરનું સૈન્ય ભારત પર આક્રમણ કરવા માટે ઈ. સ. પૂર્વે 327માં હિંદુકુશ પર્વત સુધી પહોંચ્યું. ત્યારપછી 10 દિવસમાં આ પર્વત ઓળંગી સૈન્ય કાબુલ ખીણમાં આવેલા 'નાસિયા' સુધી પહોંચ્યું. નાસિયાથી ભારત પર આક્રમણ કરવા માટે સિકંદરે પોતાના લશ્કરના બે ભાગ પાડ્યા : એક ભાગની નેતાગીરી પોતે લીધી અને બીજા ભાગની નેતાગીરી પોતાના બે સેનાપતિઓ (હેફેઈસ્ટન અને પરડીકાસ)ને સોંપી. તેઓ અભીકુમારના માર્ગદર્શન હેઠળ ખેબરપાટના માર્ગે આગળ વધ્યા. પરંતુ રસ્તામાં અટક જાતિના રાજા એસટેરો તેમનો બહાદુરીપૂર્વક સામનો કર્યો અને 30 દિવસ સુધી પોતાની રાજધાની પુષ્કલાવતીનું રક્ષણ કર્યું. તે લડતાં લડતાં મરાયો ત્યારપછી જ ગ્રીક લશ્કર આગળ વધી શક્યું. લશ્કરના બીજા વિભાગે સિકંદરની આગેવાની નીચે પેશાવર તરફ કૂચ કરી. રસ્તામાં આવેલ કુતર, પંજ કૌર અને સ્વાત ખીણમાં વસતી અશ્વાયન જાતિએ તેનો સખત સામનો કર્યો, પરંતુ તેઓ બધા હાય. પર્વની પર્વપક્ષ ધાયન જાતિએ પોતાના 'મસ્સગ' નામના કિલ્લામાંથી સિકંદરનો બહાદુરીપૂર્વક સામનો કર્યો. તેમના કિલ્લાઓ તોડવા જતાં એક કિલ્લામાં સિકંદર ઘવાયો. તેની કિંમત આખા કિલ્લાની પ્રજાએ ચૂકવવી પડી, સિકંદરે કિલ્લામાં રહેલા આશરે 7000 લોકોની કતલ કરી નાખી.

આ પછી તે આશ્વકાયોનો સૌથી મજબૂત ખારસોનનો કિલ્લો જીતી તક્ષશિલામાં અભી કુમારને મળ્યો. તેણે નાના નાના કિલ્લાઓ, તક્ષશિલા, પંજાબ, ગ્લાઉસાઈ, પિંપ્રમા, કઠ વગેરે જીતી ભારતની વાયવ્ય સરહદે પોતાનો રાજ્યવિસ્તાર કર્યો. ઝેલમ અને ચિનાબ વચ્ચેના પ્રદેશમાં રઘુવંશી રાજા પ્રવર્ત કે ('પૂરુ કે પોરસ') શરણાગતિ સ્વીકારી નહિ અને સિકંદરના સૈન્યનો વીરતાપૂર્વક સામનો કર્યો. યુદ્ધમાં પ્રવર્તક પવાયો અને સિકંદરના સૈન્યના હાથે પકડાયો. સિકંદરે તેની કદર કરી રાજ્ય પાછું આપ્યું. કઠગણનો નાશ કરી સિકંદરની સેના બિયાસ નદીના કિનારે પહોંચી ત્યારે સિકંદરના સૈનિકોએ સાંભળ્યું કે નદીના સામે કાંઠે મગધના સામ્રાજ્યની વિશાળ સેના યુદ્ધ માટે તૈયાર છે. આથી સૈનિકોએ આગળ વધવાની ના પાડી અને સિકંદરને પાછા ફરવું પડ્યું. તેણે પોતાના જીતેલા પ્રદેશો સેનાપતિ સેલ્યુકસ નિ કેતરને સોંપ્યા. આમ, માત્ર વાયવ્ય સરહદનાં નાનાં રાજ્યો જીતતાં જ સિકંદરને સવા ત્રણ વર્ષ લાગ્યાં હતાં. મગધ જેવા શક્તિશાળી સામ્રાજ્યનો સામનો કરવાનો તો પ્રસંગ જ ઉપસ્થિત ન થયો. એટલું જ નહિ સિકંદરના શિસ્તબદ્ધ સૈન્ય બિયાસ નદી ઓળંગવાની સ્પષ્ટ ના પાડી દીધી..

5. સિકંદરના ભારત પરનાં આક્રમણનાં પરિણામોની ચર્ચા કરો.

- સિકંદરનું આક્રમણ ભારતના ઇતિહાસમાં એક માત્ર પ્રસંગ છે, તેણે ભારતની વાયવ્ય સરહદ ઉપર વિજય મેળવ્યો હતો, અને તેમાંય તેને સવા ત્રણ વર્ષ લાગ્યાં હતાં. ખરેખર તો ગ્રીસના સેનિકોને સ્વાધીનતાપ્રિય ભારતીયોનો ડર લાગતો હતો. આમ છતાં, સિકંદરના ભારત પરના આક્રમણની કેટલીક રાજકીય અને સાંસ્કૃતિક અસરો નીચે પ્રમાણે થઈ :

1. રાજકીય અસરો : સિકંદરે ભારતના જે પ્રદેશો મેળવ્યા હતા તેમાંના મોટા ભાગના પ્રદેશો તેણે પુરુ રાજાને સોંપી દીધા હતા. કેટલાક પ્રદેશોમાં તેણે ગ્રીક ક્ષત્રપોને નીમી પોતાના સામ્રાજ્યમાં રાખવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ત્રણ વર્ષમાં તો સિકંદરના પ્રદેશોનું ભારતમાં અસ્તિત્વ ન રહ્યું. સિકંદરના આક્રમણે ભારતને નાનાં નાનાં અને ઓછાં શક્તિશાળી રાજ્યોની નિરર્થકતા સમજાવી. નાનાં રાજ્ય રાજકીય એકતાના માર્ગમાં અવરોધકરૂપ નીવડ્યાં હતાં. પરિણામે રાજકીય એકીકરણને પ્રોત્સાહન મળ્યું. સિકંદરે આંભી, પોરસ અને અભિસારનાં રાજ્યોને ભેળવીને એક મોટા રાજ્યનું સર્જન કર્યું, જે ચંદ્રગુપ્ત મૌર્ય માટે વિશાળ અને શક્તિશાળી સામ્રાજ્ય સ્થાપવામાં પ્રેરક બન્યું. ભારતીય રાજાઓને એ ખ્યાલ આવ્યો કે લશકરના સૈનિકોના અગત્યની નથી, પરંતુ તેમની સજ્જતા તાલીમ અને યુદ્ધકો, અગત્યનાં છે.

સિકદરના આક્રમણે એ ચેતવણી પણ આપી કે ભારતની ઉતરપશ્ચિમ સરહદ સલામત નથી, તેની કડક સુરક્ષા અનિવાર્ય છે. સિકંદરના આક્રમણથી પૂર્વ-પશ્ચિમ વચ્ચેની દીવાલ તૂટી ગઈ, બને પ્રદેશો વચ્ચે વાહનવ્યવહાર, વેપાર, દરિયાઈ સાહસ અને અવરજવરનો માર્ગ ખુલ્લો થયો.

2. સાંસ્કૃતિક અસરો : સિકંદરના આક્રમણની સાંસ્કૃતિક અસર કાયમી અને કલ્યાણ કારી બની. તેના આક્રમણથી ભારતની ઐતિહાસિક સાધનસામગ્રીમાં સારો એવો ઉમેરો થયો. તેનું આ ક મણ ઈ. સ. પૂર્વે 327માં નિશ્ચિત છે. આથી આ સમયથી ભારતનો કાળગણના પ્રમાણેનો ક્રમબદ્ધ અને સળંગ ઇતિહાસ ઉપલબ્ધ થાય છે. તે પોતાની સાથે વિજયકૂચ આલેખવા 20 જેટલા લેખકો લાવ્યો હતો, તેમનાં લખાણો ભારતનો સમકાલીન ઇતિહાસ જાણવા અગત્યની ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. સિકંદરે શોધેલા ત્રણ જમીનમાગાં અને એક જગ્યા માર્ગ ભવિષ્યમાં વધુ પ્રચલિત બન્યો. પ્રો. નાગેન્દ્રનાથ ઘોષનો અભિપ્રાય મુજબ સિકંદરના આક્રમણનો હેતુ જિતાયેલા પ્રદેશોમાં ગ્રીક સંસ્કૃતિનો પ્રસાર કરવાનો હતો. કે આ માટે તેણે બેટ્રિયામાં એક વસાહત સ્થાપી હતી. અહીના શિલ્પીઓએ ગાંધારપ્રદેશમાં રહીને ગાંધાર શૈલી'ની શિલ્પ કલાનો આરંભ કર્યો. આ પછી ભગવાન બુદ્ધની મૂર્તિઓ ગાંધાર શૈલીની શિલ્પલાના આધારે ઘડાવા લાગી.

ગ્રીક શૈલીની અસરથી ભારતીય સિક્કાઓ સુડોળ અને કલાત્મક બન્યા, જેમ કે, સૌભૂતિ નામના નગરે ગ્રીક કલાની અસરવાળા સિક્કાઓ બનાવ્યા. પંજાબમાં તક્ષશિલાના પ્રદેશમાં ગ્રીક શૈલીના પુવડ અને ચાંદીના 'દ્રગ્સ' પ્રકારના સિક્કાનો બન્યા, જેમાં તે સમયના ભારતીય સિક્કો 'દિનાર' મહત્વનો છે. સિકંદરના આકે અણની અસર ગોળારામ પર પણ પડી. ભારતમાં ગ્રહોનું અને તેમની ગતિવિધિનોનું જ્ઞાન વયે તેમજ અઠવાડિયાની વારની ગણતરીની પદ્ધતિ શરૂ થઈ. સિકંદરના આક્રમણથી યુરોપમાં ભારતવિષયક જ્ઞાનમાં વધારો થયો. તેજો સિંધુ નદીને ઓળંગવા હોડીઓના પુલો બનાવ્યા અને મકાન તથા ઈરાનની ખાડીનું પરિભ્રમણ કર્યું. આમ, વિશ્વના ભૌગોલિક જ્ઞાનમાં પણ વધારો થયો.

6. ટૂંક નોંધ લખો : મગધમાં નંદવંશ

- શિશુનાગવંશના છેલ્લા રાજા કાકવણિનનું ખૂન કરી મહાપદ્મનંદ મગધની ગાદીએ આવ્યો. મહાપદ્મનંદે પોતાના નામ પરથી જ નંદવંશની સ્થાપના કરી હતી. તેના પુર્વજીવન માટે અનેક મતો પ્રવર્તે છે. કવિ બાણભટ્ટના 'પંચરિત'માં જણાવ્યા પ્રમાણે તેણે કાકવર્ણિન શિશુનાગનું તેના ગળામાં ખંજર ભોકીનું ખૂન કર્યું હતું અને કાકવર્તીનના 10 પુત્રોના સંરક્ષક બનવાનો ડોળ કરીને, તેમનો ઘાત કર્યો અને મગધની ગાદીએ બેઠો હતો. જૈન અનુશ્રુતિ મુજબ તે વાદ હતો અને કાકવલિનની રાણીનો પ્રેમી હતો. જ્યારે પુરાણસાહિત્ય પ્રમાણે તે શૂદ્ર મહિલાથી જન્મેલા છેલ્લા શિશુનાગ રાજા મહાનંદીનો પુત્ર હતો. કલિગના રાજા ખારવેલના 'હાથીગુકા શિલાલેખ'માં દર્શાવ્યા પ્રમાણે તેણે કલિંગ પર વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત તેણે ઈક્ષવાકુ, કુરુ, પાંચાલ, કાશી, શુરસેન, મિથિલા, અશ્મક , હૈહય વગેરે સત્તાઓ પર વિજય મેળવ્યો હતો. તેણે પોતે 'એકમાત્ર સર્વોચ્ચ સમ્રાટ'ની ઉપાધિ ધારણ કરી હતી. પુરાણ સાહિત્યમાં તેને 'મહાપદ્મપતિ' (પુષ્કળ સંપત્તિ કે સૈન્યનો માલિકો કહ્યો છે, તો 'કથાસરિત્સાગર'ના જણાવ્યા પ્રમાણે તેની પાસે 99 કરોડ સુવર્ણમુદ્રાઓ હતી. મહાપદ્મનંદે 28 વર્ષ શાસન કર્યું. તેના પછી તેના 8 પુત્રોએ મગધમાં 12 વર્ષ શાસન કર્યું. નંદવંશનો છેલ્લો રાજા ધનનંદ ખૂબ જ અન્યાયી અને અત્યાચારી હતો. તેણે કૌટિલ્યનું અપમાન કર્યું હતું. આથી કૌટિલ્ય ચંદ્રગુપ્ત નામના યુવાનને શસ્ત્ર અને શાસ્ત્રોનું જ્ઞાન તથા તાલીમ આપી તક્ષશિલામાં તૈયાર કર્યો હતો. ચંદ્રગુપ્ત નંદવંશના છેલ્લા રાજા ધનનંદનો યુદ્ધમાં ઘાત કરી પાટલીપુત્રની ગાદી મેળવી, મોર્યવંશની સ્થાપના કરી હતી.